# જંગલી જાનવરો થી પાક ને થતું નુકશાન અને તેનાથી બચવા માટેના ઘરેલું ઉપાયો

રામ એ. જાટ, પી. વી. ઝાલા અને ભાર્ગવ કુમ્બર
મગફળી સંશોધન નિદેશાલય, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧, ગુજરાત

જંગલી જાનવરો થી પાક ને થતું નુકશાન માત્ર ખેડૂતો નો જ ગંભીર પ્રશ્ન નથી, પરંતુ સંબંધિત સરકારી વિભાગો માટે પણ મોટો પડકાર બની ગયો છે. આપણે જાણીએ છીએ કે રહેઠાણ, ખેતી, ઉદ્યોગો તથા અન્ય વિકાસ કાર્યો માટે જંગલોની આડેધડ કાપણી ને કારણે જંગલી જાનવરો ના કુદરતી રહેઠાણ માં ઘટાડો થયો છે જેના લીધે જંગલી જાનવરો ભોજન તથા રહેઠાણ ની શોધ માં ગ્રામ્ય રેવન્યુ વિસ્તાર માં આવી ચડે છે જેના લીધે માણસ તથા જાનવરો માં ટકરાવ ની ઘટના વધતી રહે છે. જંગલી જાનવરો ખાસ કરીને નીલગાય ,જંગલી ભૂંડ, વાંદરા, શાહુડી વગેરે પાક ને ખૂબ જ નુકશાન પહોચાડે છે જેના કારણે ખેડૂતો ને આર્થિક નુકશાન વેઠવું પડે છે. ખેડૂતો પોતાનો પાક બચાવવા માટે ના છૂટકે ગેર કાનૂની રસ્તો અપનાવે છે જેમ કે ખેતર ની ચારે બાજુ વીજળી નો કરંટમુકવો, ચારા માં ઝેર ભેળવવું, બંદુક અને અન્ય સાધનો થી તેનો શિકાર કરવો વગેરે. આને કારણે સંરક્ષિત વન્ય જીવો જેવા કે સિંહ,વાઘ, હાથી વગેરે ની મરવાની ઘટના વારંવાર બને છે. આથી જ માણસ તથા જાનવરો માં ટકરાવ ની ઘટના રોકવા ની દિશામાં કદમ ભરવાની ખાસ આવશ્યકતા છે. સરકારે ઉચિત નીતિગત નિર્ણય લેવાની જરૂરિયાત છે તેવામાં ખેડૂતો યોગ્ય ઉપાય અપનાવી ને જાનવરો ને પાક થી દૂર રાખવાનો પ્રયત્ન કરી શકે છે. અહી પ્રસ્તુત લેખ માં કંઇક એવા સરળ ઉપાય બતાવવામાં આવ્યા છે જેથી ખેડૂતો પોતાની સુવિધા અને જરૂરિયાત મુજબ એક અથવા વધુ ઉપાયો અપનાવીને જંગલી જાનવરો થી પાક ને થતું નુકશાન ઓછું કરી શકે છે.

૧. **જૂની ટ્યુબ લાઈટ લગાડવી :** જૂની ઉડી ગયેલી ટ્યુબ લાઈટ ની સ્ટીક (ધોકા) ને ખેતર માં સ્ટેન્ડ પર ગોઠવવી જેથી પ્રકાશ ના પરાવર્તન ને કારણે જાનવરો દૂર ભાગશે.

૨. **ખેતર ના શેઢે ચારે બાજુ જૂની સાડી અથવા કપડા લગાવવા :** જૂની સાડીઅથવા કપડા ને ખેતર ના શેઢે ચારો તરફ બાંધવાથી ખેતર માં કોઈ વ્યક્તિ હોવા નો ભાસ થાય છે આથી ખેતર માં જાનવરો ને આવવામાં ડર લાગે છે.

૩. **ટીન ના ડબ્બા થી અવાજ કરવો :** ખાલી ટીન ના ડબ્બા પર લોઢા ના મોટા બોલ્ટ અથવા નટ બાંધી ને વાંસ ના લાંબા ડંડા પર ઉપર ના ભાગે બાંધવા . આથી પવન આવવાથી નટ અથવા બોલ્ટ ટીન ના ડબ્બા સાથે ટકરાવાથી અવાજ આવે છે તેથી જાનવર ડર ના કારણે દૂર રહે છે.

૪. **ખરાબ કેસેટ ની ટેપ બાંધવી :** ખરાબ થઇ ગયેલી ટેપ ની કેસેટ ની પટ્ટી અથવા સી.ડી. કે ડી.વી.ડી. ને ખેતર માં બાંધવાથી પ્રકાશના પરાવર્તન ને લીધે જાનવરો ને ખેતર થી દૂર રાખી શકાય છે.

૫. **ફટાકડા ફોડવાનું યંત્ર :** આ યંત્ર માટે લોઢાની પોલી નળી માં થોડા થોડા અંતરે કાણા પાડી ને નળી ની અંદર યોગ્ય જાડાઈ નો સુતર નો દોરો અથવા દોરી નાખવામાં આવે છે. દરેક કાંણા પર એક અથવા બે ફટાકડા બાંધવામાં આવે છે તથા સુતર ના દોર ને નીચે થી સળગાવવામાં આવે છે. સુતર નો દોરો ધીમે ધીમે સળગતો રહે છે અને જેમ જેમ કાણા ની નજીક પહોચશે તેમ તેમ કાણા પાસે રાખેલ ફટાકડો ફૂટશે અને અવાજ થવાથી જાનવર દૂર રહેશે. ફટાકડા ફૂટવાથી આગ લાગી શકે છે તેથી જે વિસ્તારમાં આગ લાગવાનો ભય ન હોય ત્યાં જ આ ઉપાય સાવચેતી પૂર્વક કરી શકાય.

Scanned with CamScanner

૬. **રસાયણો ની દુર્ગંધ :** સડેલા ઈંડા , આંકડા ના સડેલા પાન અથવા દુર્ગંધ મારતી વાસી છાસ ને ખેતર ની ચોતરફ છંટકાવ કરવાથી જાનવરો ખેતર થી દૂર રહે છે.

૭. **એલ.ઈ.ડી. લાઈટ લગાડવી :** ખેતર ની ચારે બાજુ એલ.ઈ.ડી. લાઈટ ની સીરીઝ લગાડી ને રાત્રી ના સમયે ચાલુ કરવાથી જાનવરો ને ખેતર થી દૂર રાખી શકાય છે.

૮. **ખેતર માં ચાડીયો લગાવવો :** ખેતર માં લાકડી ના કટકા પર કપડા બાંધી ને માણસ ની જેમ મોઢું, હાથ અને પગ જેવા આકાર બનાવી ને ચાડીયો બનાવવાથી જાનવરો ને ખેતર થી દૂર રાખી શકાય છે.

૯. **કાંટાળા તાર ની વાડ બનાવવી :** ખેતર ની ફરતે કાંટાળા તાર ની વાડ બનાવવાથી પણ જાનવરો થી પાક ને બચાવી શકાય છે. આ માટે સરકાર તરફથી સહાય પણ આપવામાં આવે છે.જો કે આનાથી સિંહ તથા વાઘ ને વિચરણ કરવામાં અડચણ ઉભી થાય છે તથા ભૂલા પડી ને રહેણાંક વિસ્તાર માં આવી ચડે છે. આથી આવા વિસ્તારો માં કે જ્યાં સિંહ તથા વાઘ જોવા મળે છે ત્યાં કાંટાળા તાર ની વાડ ની જગ્યાએ યોગ્ય ઉંચાઈ ની પત્થર ની દિવાલ બનાવી ને જંગલી ભૂંડ થી પાક ને સુરક્ષિત રાખી શકાય છે.

૧૦. **અવાજ કરનાર ધ્વની યંત્ર :** એક એવું યંત્ર બનાવવામાં આવે છે કે જે અમુક સમય અંતરાલ પર ઓટોમેટીક અવાજ તથા પ્રકાશ ફેકે છે. રાત ના સમયે અવાજ અને પ્રકાશ ને કારણે જંગલી જાનવર ખેતર થી દૂર રહેશે.

૧૧. **જાનવરો માટે સુરક્ષિત કોરિડોર બનાવવું :** સરકારે નીતિગત નિર્ણય લઇ જાનવરો માટે સુરક્ષિત કોરિડોર બનાવવાની જરૂરિયાત છે જેથી જંગલી જાનવરો ને નિયંત્રિત સ્થિતિ માં સુરક્ષિત રાખી શકાય .



જૂની ટ્યુબ લાઈટ લગાડવી



જૂની સાડી અથવા કપડા ની વાડ બનાવવી



ટીન ના ડબ્બા માં નટ બોલ્ટ લગાવી વાંસ ના ટુકડા માં ઉપર લટકાવવું



માણસ આકાર નો ચાડિયો બનાવવો



ખરાબ કેસેટ ની ટેપ લગાડવી



કાંટાળા તાર ની વાડ બનાવવી

Scanned with CamScanner